**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૪/૬/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-**    **સમાચાર યાદી નં.૧૧૩૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૬૨૭ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**    **સમાચાર યાદી નં.૧૧૩૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશઃ-**    **સમાચાર યાદી નં.૧૧૩૯/૧૫**

**નરોડાઃ** મહેન્દ્રસિંહ રજુસિંહ ચાવડા (રહે.ગામ-અંબોડ દરબારવાસ તાલુકો માણસા જીલ્લો ગાંધીનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી ભરતસિંહ નાથુસિંહ ચૌહાણ (રહે.એન.એન.પેલેસ રઘુનાથ હિન્દી સ્કુલ પાસે બાપુનગર) એ અગાઉ થયેલ ફરીયાદના સમાધાન કરાવવા બાબતે તા.૩/૬/૧૫ બપોરના મહેન્દ્રસિંહ ચાવડા નરોડા સાબરમતીનદીના બ્રીજ પહેલા ગોબેરેશ્વર મહાદેવ નજીકથી ગાડી ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ભરતસિંહ ચૌહાણ અને બીજા બે ઈસમોએ ગાડી રસ્તા વચ્ચે આડી કરી રસ્તો આંતરી ભરતસિંહે રિવોલ્વરથી મારી નાખવાના ઈરાદે ફાયરીંગ કરી નાસી ગયા. આ ગુનાની તપાસ પો..ઈ.શ્રી આર બી રાણા ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-**    **સમાચાર યાદી નં.૧૧૪૦/૧૫**

**અમરાઈવાડીઃ** અમરાઈવાડી વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરુણીને તેના ઘર નજીક રહેતો આરોપી અમીત શ્યામરાવ બોરસે એ તરૂણીને આરોપીના ઘરે બોલાવી તા.૨૮/૫/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ અંગેની ફરીયાદ તરૂણીની માતાએ તા.૩/૬/૧૫ નારોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવતા અમરાઈવાડી પોલીસે આરોપીની ધરપકડ કરી આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ વી રાજગોર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૧/૧૫**

**ખાડીયાઃ** ભુમિબહેન જયેશભાઈ દરજી (ઉ.વ.૧૬)(રહે.દેસાઈની પોળ ખાડીયા) ને તા.૧/૬/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી મુનેશ કુશ્વાહ (રહે ગાજીયાબાદ દીલ્હી) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ભુમિબહેનના પિતા જયેશભાઈ દરજીએ તા.૩/૬/૧૫ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે ડી ખાંભલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૨/૧૫**

**સરદારનગરઃ** જેનમ મહેન્દ્રકુમાર શાહ (રહે.સીધાચલ વાટીકા રામનગર સાબરમતી) એ તા.૩/૬/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૫/૧૫ રાતનાં ૮/૦૦ થી તા.૨૯/૫/૧૫ રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન સરદારનગર હાસોલ ક્રિષ્ણા કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની દુકાન નંબર -૨૩ ડુપ્લીકેટ ચાવીથી તાળુ ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાંથી લેગીઝનો કટીંગ કરેલ કાપડ તથા કાપડનો જથ્થો મળી કુલ કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ એમ સીંધી ચલાવે છે.

**રખીયાલઃ** ભાવનાબહેન ભરતભાઈ પરમાર (રહે.જી કોલોની સુખરામનગર રખીયાલ) એ રખીયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૬/૧૫ બપોરના ૪/૦૦ થી સાંજના ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૪૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી એન ચાવડા ચલાવે છે.

**ઓઢવઃ** હરેશભાઈ રણછોડભાઈ સોની (રહે.તિર્થભુમિ સોસાયટી માન સરોવર કોમ્પલેક્ષની પાછળ નિકોલ રોડ ઓઢવ) એ તા.૩/૬/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૫/૧૫ કલાક ૧૨/૦૦ થી તા.૩૧/૫/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૯૧,૫૦૦/- અને રોકડ રૂપિયા ૨૧,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૧૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી એચ દેસાઈ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૩/૧૫**

**ઓઢવઃ** નિકુલસિંહ દશરથસિંહ ચુડાસમા (ઉ.વ.૪૨)(રહે.જીવન જ્યોત સોસાયટી ઓઢવ) તા.૩/૬/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે તક્ષશિલા હેરીટેઝ સામે ગાડી પાર્ક કરતા હતા ત્યારે સફેદ રંગની ગાડીમાં આવેલા છ અજાણ્યા માણસોએ નિકુલસિંહને નજીક બોલાવી લાકડીથી તેમજ પાઈપથી માર મારી નિકુલસિંહ પાસેથી સોનાની વિંટી, સોનાનો દોરો અને રોકડ રૂપિયા ૨૧,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નિકુલસિંહ ચુડાસમાએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી એસ બારીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૪૪/૧૫</u>**

**નરોડાઃ** અનિલકુમાર મિલાપચંદ શાહ (રહે.હિરાજય સોસાયટી રામનગર સાબરમતી) એ તા.૩/૬/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૫/૧૫ કલાક ૧૨/૨૦ વાગ્યાનાં સુમારે જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટની ઓફીસેથી અનિલકુમારનો નોકર ગીરીશ દયાલ વાઘવાણી (રહે.આંબાવાડી સરદારનગર) જુદા-જુદા ૩૭ કાપડના પાર્સલ કિમત રૂપિયા ૬,૪૫,૫૭૨/- છોડાવી લઈ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે કે રાઠોડ ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૪૫/૧૫</u>**

શાહીબાગઃ અમિતકુમાર બાબુલાલ શાહ (રહે.આમ્રકુંજ ફ્લેટ સુજાતા ફ્લેટ સામે શાહીબાગ) એ તા.૨૫/૫/૧૫ સાંજનાં ૭/૦૦ વાગે પોતાના રહેણાંકના પાર્કિંગમાં પોતાનુ બુલેટ મોટર સાયકલ નંબર જીજે.૧.એસ.ડબલ્યુ ૬૦૬૧ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ અમિતકુમાર શાહે તા.૩/૬/૧૫ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એ પટેલ ચલાવે છે.

**<u>મૃત હાલતમાં નવજાત શિશુ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૪૬/૧૫</u>**

**જીઆઈડીસી વટવાઃ** જીઆઈડીસી વટવા પુનિતનગર ક્રોસીંગ પાસે કચરાપેટીમાંથી તા.૩/૬/૧૫ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા પોલીસને મૃત હાલતમાં નવજાત શિશુ (બાબો) મળી આવતા જીઆઈડીસી વટવા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી શંકરસિહ લક્ષ્મણસિહ ચલાવે છે.

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૪૭/૧૫</u>**

**નારણપુરાઃ** ભારતીબહેન રમેશકુમર તલવાણી (ઉ.વ.૪૫)(રહે.ઝુલેલાલ મંદિરની પાછળ સૌરાબજી કંપાઉન્ડ જુનાવાડજ) એ કોઈ અગમ્ય કારણસર તા.૩/૬/૧૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર કે વાણીયા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)